### ખેડા જિલ્લા ખાણ - ખનીજ વિભાગ અને ગાંધીનગર ફ્લાઇંગ સ્કોડનો વહેલી સવારે સપાટો બોલાવ્યો

# ઠાસરાના બોઈડી ગામના માટી ખનન કૌભાંડમાં ૨ કરોડનો મુદ્દામાલ જપ્ત

**ઠાસરાની** સત્યેન્દ્ર પેકેજીંગના પરિસરમાંથી ૩ જેસીબી અને ૩ ડમ્પર સીઝ કરાયા



(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

ઠાસરા તાલુકાના બોઈડી ગામની સીમમાં આવેલી સત્યેન્દ્ર પેકેજીંગ લિમિટેડ નામની ખાનગી કંપનીના કમ્પાઉન્ડમાં ચાલતા વ્યાપક ગેરકાયદેસર માટી ખનન પર ખાણ ખનીજ વિભાગ અને ગાંધીનગરની ફ્લાઈંગ સ્કોડની ટીમે સંયુક્ત દરોડો પાડી મોટું કૌભાંડ ઝડપી પાડ્યું છે. કોઈપણ પ્રકારની વહીવટી મંજૂરી વિના ચાલી રહેલા આ ખોદકામ સ્થળેથી તંત્ર દ્વારા ૩ જેસીબી અને ૩ ડમ્પર સહિત આશરે ૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.


ઠાસરાના બોઈડી ગામની સીમમાં આવેલી સત્યેન્દ્ર પેકેજીંગ કંપનીના પરિસરમાં છેલ્લા કેટલાક સમયથી મોટા પાયે માટી ઉઠાવવાની પ્રવૃત્તિ ચાલી રહી હોવાની ગુપ્ત બાતમી સ્થાનિક ખાણ ખનીજ વિભાગને મળી હતી. આ બાતમીના આધારે અધિકારીઓએ વહેલી સવારે ઓચિંતો દરોડો પાડતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ તપાસ દરમિયાન જોવા મળ્યું હતું કે કંપનીના કમ્પાઉન્ડમાંથી ૩ જેસીબી મશીનની મદદથી રાતદિવસ માટી ખોદવામાં આવતી હતી અને લાઈનસર ઉભેલા ડમ્પરો દ્વારા આ માટીને અન્ય સ્થળોએ લઈ જઈને પુરાણ કરવામાં આવતું હતું.

આ દરોડા દરમિયાન જ્યારે અધિકારીઓએ કંપનીના સંચાલકો પાસે ખનન અને પરિવહન અંગેના સત્તાવાર દસ્તાવેજો અથવા મંજૂરીના કાગળો માંગ્યા, ત્યારે તેમની પાસે કોઈ પણ પ્રકારની પરવાનગી ન હોવાનો ઘટસ્ફોટ થયો છે. સરકારી પરવાનગી વગર કુદરતી સંપત્તિનું નિકંદન કાઢવાની આ ગંભીર પ્રવૃત્તિ બદલ જવાબદારો સામે ખાણ ખનીજ ધારા હેઠળ ગુનો નોંધવા કાર્યવાહી હાથ ધરી છે.

### ભૂમાફિયાઓનું હાઈટેક નેટવર્ક: વોટ્સએપ ગ્રુપ દ્વારા રાખતા હતા નજર

ખનન પ્રવૃત્તિને અંજામ આપવા માટે ભૂમાફિયાઓ દ્વારા આખું સુનિયોજિત નેટવર્ક ગોઠવવામાં આવ્યું હતું. ચોમાસા પહેલા ડબલ ગતિથી ખનન કરવા માટે તેઓ નજીકના ગામથી લઈને ખનન સ્થળ સુધી પોતાના માણસો ગોઠવતા હતા. આ માણસો કોઈ પણ શંકાસ્પદ કે સરકારી ગાડીની હલચલની માહિતી તુરંત જ વોટ્સએપ વોઈસ મેસેજ દ્વારા ચોક્કસ ગ્રુપમાં આપતા હતા, જેથી અધિકારીઓ પહોંચે તે પહેલા જ તેઓ ભાગી છૂટતા હતા. જોકે, આ વખતે તેમની આ ચાલાકી કામ ન આવી અને તંત્રને મોટી સફળતા મળી છે.

### વડતાલધામમાં દેવોને ૫૦૦ કિલો જાંબુનો અન્નકૂટ ધરાવાયો



સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની વડતાલધામ ખાતે જેઠ વદ એકાદશી (કમલા એકાદશી) નિમિત્તે ભવ્ય 'જાંબુ અન્નકૂટ મહોત્સવ' ની ઉજવણી કરાઈ હતી. આ અવસરે મંદિરમાં બિરાજતા દેવો સમક્ષ ૫૦૦ કિલો જાંબુનો મનોરથ કરવામાં આવ્યો હતો. વડતાલ મંદિરના ચેરમેન ડૉ. સંતવલ્લભદાસજી સ્વામીના જણાવ્યા અનુસાર, ગાદીસ્થાન જેતપુરના નીલકંઠ ચરણદાસજી સ્વામીની પ્રેરણાથી આ ઉત્સવનું આયોજન કરાયું હતું. નવસારીના હરિભક્ત લલીતભાઈ મગનભાઈ ચૌહાણ આ મહોત્સવના યજમાન બન્યા હતા. મુખ્ય કોઠારી દેવપ્રકાશદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં દેવોને જાંબુનો ભોગ ધરાવી હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. આ સમગ્ર મહોત્સવનું સફળ સંચાલન આસિસ્ટન્ટ કોઠારી ગુણસાગર સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

### યાત્રાધામ ડાકોરમાં અધિક માસની એકાદશી નિમિત્તે તુલસી વિવાહનો ભવ્ય મનોરથ ઉજવાયો



સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં પુરુષોત્તમ અધિક માસની એકાદશીના પવિત્ર અવસરે તુલસી વિવાહનો ભવ્ય મનોરથ હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ દિવ્ય પ્રસંગે ભગવાનનો મનોહર વરઘોડો કાઢવામાં આવ્યો હતો અને મંદિર પરિસરમાં વિશેષ 'તુલસી વિવાહ કુંજ'ની રચના કરવામાં આવી હતી. અધિક માસના પુણ્યશાળી દિવસોમાં ડાકોરના ઠાકોરના દર્શન કરવા માટે દૂર-દૂરથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

### ગ્રામજનો પર હુમલો કરતા ભયનો માહોલ, વન વિભાગ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ

# સંતરામપુરના ટીમભરવામાં જંગલી પ્રાણીનો આતંક, પાંચ પર હુમલો કર્યો

**ઉનાળાની** ગરમીમાં ઘરની બહાર સૂતેલા લોકો પર હિંસક પ્રાણી તૂટી પડ્યું



(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૧

સંતરામપુરના ટીમભરવા ગામે રાત્રિના અંધકારમાં અજાણ્યા જંગલી પ્રાણીએ અચાનક હુમલો કરતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે. ઉનાળાની આકરી ગરમીના કારણે ઘરની બહાર સૂતેલા ગ્રામજનો પર પ્રાણીએ ઓચિંતા તરાપ મારી પાંચથી વધુ લોકોને બચકા ભરી ગંભીર ઈજાઓ પહોંચાડી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ટીમભરવા ગામે ગત રાત્રિએ જ્યારે ગ્રામજનો નિદ્રાધીન હતા, ત્યારે કોઈ અજાણ્યા હિંસક જાનવરે હુમલો કર્યો હતો. હાલમાં ચાલી રહેલી ઉનાળાની ગરમીને કારણે લોકો પોતાના ઘરની બહાર ખુલ્લામાં સૂતા હતા, જેનો લાભ લઈ આ જંગલી પ્રાણીએ એકપછી એક એમ 5 થી વધુ લોકોને નિશાન બનાવી બચકા ભરી ઈજાઓ કરી હતી.

રાત્રિના અંધકારને કારણે આ હુમલો કરનાર પ્રાણી કયું હતું ? તેની ઓળખ થઈ શકી નથી, પરંતુ સ્થાનિકોમાં કોઈ જંગલી પ્રાણી હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. આ ઘટનાને પગલે ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકોને તાત્કાલિક સારવાર અર્થે સંતરામપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી હતી અને હુમલો કરનાર પ્રાણીના પગના નિશાન કે અન્ય પુરાવાઓના આધારે તપાસ હાથ ધરી છે. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ, પ્રાણીની ચોક્કસ ઓળખ કરવા માટે પ્રયાસો ચાલુ છે અને ગ્રામજનોને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે.

# કોઠંબા:વેડ ગામમાં આધેડનું અપહરણ કરી ખંડણી માંગી

**'૧૫ હજારની** લઈને હઠીપુરા આવી જાવ' કહી ફોન પર ધમકી અપાઈ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૧

મહીસાગર જિલ્લાના કોઠંબા તાલુકાના વેડ ગામે એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં દરજી ફળિયામાં રહેતા ૫૫ વર્ષીય આધેડ કનુભાઈ નાનાભાઈ પગીનું અપહરણ કરી ૧૫ હજાર રૂપિયાની ખંડણી માંગવામાં આવી છે.

મળતી વિગતો મુજબ, વેડ ગામના કનુભાઈ પગી ગત ૯મી જૂનના રોજ અચાનક ગુમ થયા હતા. તે જ રાત્રે તેમના પુત્ર સુનિલના મોબાઈલ પર રૂપેશ આંગણીયા નામના શખસનો ફોન આવ્યો હતો, જેમાં તેણે જણાવ્યું હતું કે, "તારા બાપાને મેં ઉઠાવી લીધા છે, જો તેમને સાજા-નરવા પાછા જોઈતા હોય તો ૧૫ હજાર રૂપિયા લઈને હઠીપુરા ગામે આવી જા."

બીજા દિવસે બપોરે ફરીથી ફોન કરીને ધમકી આપવામાં આવી હતી કે જો ત્રણ કલાકમાં ઓનલાઈન પૈસા નહીં મોકલવામાં આવે તો માણસ જીવતો મળશે નહીં.

આ ધમકી બાદ પરિવારજનોએ હઠીપુરા ગામે ખાનગી વાહન દ્વારા તપાસ કરી હતી, પરંતુ કનુભાઈનો કોઈ પત્તો લાગ્યો ન હતો. અંતે કોઈ અઘટિત ઘટના બનવાના ડરથી ભોગ બનનારના મોટા ભાઈ ઉદેસિંહ પગીએ કોઠંબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### નેનપુરના જલારામ મંદિર ખાતે નિ:શુલ્ક એક્સ-રે અને આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો

**મહેમદાવાદ |** પ્રધાનમંત્રી ટીબી મુક્ત અભિયાન ૨.૦ અંતર્ગત નેનપુર ખાતે જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા વિશેષ આરોગ્ય શિબિરનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ધ્રુવે, ડીટીઓ ડો. બારોટ તથા તાલુકા આરોગ્ય અધિકારી ડો. સંજય રાણાના માર્ગદર્શન હેઠળ અંદાજે ૮૧ જેટલા જરૂરિયાતમંદ વ્યક્તિઓના નિ:શુલ્ક એક્સ-રે કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શિબિરમાં લાભાર્થીઓને સ્થળ પર જ ડાયાબિટીસ, બીપી અને હાયપરટેન્શન જેવી એનસીડી (બિન-ચેપી રોગો) સેવાઓનું સ્ક્રીનિંગ પણ કરી આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં જલારામ મંદિરના નીલભાઈ અને શીતલબેન દ્વારા આયોજન અને સંકલન કરી સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો.



### 'શત સુભાષિત પંડિત'ની ઉપાધિ મેળવનાર આણંદના પોલીસકર્મી ડૉ. મહેશભાઈ પરમારનું ભવ્ય સન્માન



**આણંદ |** આણંદ જિલ્લા પેન્શનર મંડળ દ્વારા ગુજરાત સંસ્કૃત બોર્ડની સ્પર્ધામાં પ્રથમ વિજેતા બની રાજ્યપાલના હસ્તે શત સુભાષિત પંડિતની પદવી મેળવનાર પોલીસકર્મી ડો. મહેશભાઈ પરમારનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં તેમના ધર્મપત્ની ડો. માયાબેન પરમારનું પણ સન્માન કરાયું હતું અને ઉપસ્થિત મહાનુભાવોએ ડો. મહેશભાઈની વિશિષ્ટ સાહિત્યિક સિદ્ધિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિપિનભાઈ પંડ્યાએ કર્યું હતું અને અંતે ડો. મહેશભાઈએ સન્માન બદલ મંડળ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે.
આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ઓડ શહેરમાં સંકલિત અને સમતોલ ખાતરના ઉપયોગ અંગે જાગૃતિ સભા યોજાઈ



**આણંદ |** આણંદ જિલ્લાના ઓડમાં સરદાર ભાગોળ દૂધ મંડળી ખાતે ખેડૂતો માટે જાગૃતિ અભિયાન અંતર્ગત વિશેષ સભાનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ડો. મનીષદાસ અને ડો. રેડ્ડી સહિતના તજજ્ઞોએ ૫૦થી વધુ ખેડૂતોને સમતોલ ખાતરના મહત્વ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ સભામાં જમીનની ફળદ્રુપતા વધારવા માટે રાસાયણિક ખાતરનો ઉપયોગ ઘટાડી સેન્દ્રીય, દેશી અને જૈવિક ખાતર અપનાવવા વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે જીએસએફસીના પ્રતિનિધિ અને ગ્રામ સેવક સહિતના અગ્રણીઓ હાજર રહી ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિથી માહિતગાર કર્યા હતા.

### કપડવંજમાં કડવા પાટીદાર પ્રગતિ મંડળની કારોબારી બેઠકમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓનું સન્માન કરાયું

**કપડવંજ |** સવાસો ગોળ કડવા પાટીદાર પ્રગતિ મંડળની કારોબારી બેઠક કપડવંજ સમાજવાડી ખાતે ઉત્સાહભેર સંપન્ન થઈ હતી. આ પ્રસંગે અરવલ્લી જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ શ્રી મયુરભાઈ પટેલનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું. કપડવંજ પાલિકામાં ભાજપની ઐતિહાસિક જીત બદલ શહેર સંગઠન પ્રમુખ નયનભાઈ અને અન્ય વિજેતા હોદ્દેદારોને સન્માનિત કરાયા હતા. સમાજના જે પ્રતિનિધિઓ જિલ્લા, તાલુકા કે નગરપાલિકાની ચૂંટણીમાં વિજેતા બન્યા છે, તેઓનું મંડળ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.



### ખેડા કલેક્ટરે મોટીઝેર ગામની મુલાકાત દરમિયાન વિકાસ કામોની ખાતરી આપી

**કપડવંજ |** કપડવંજ તાલુકાના મોટીઝેર ગામે ખેડા કલેક્ટર વી.એન. ઉપાધ્યાયે મુલાકાત લઈ ગ્રામજનોના પ્રશ્નો અને વિવિધ સરકારી યોજનાઓની કામગીરીની સમીક્ષા કરી હતી. કલેક્ટરે વર્ષ ૨૦૨૫/૨૬ ના વિકાસ કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવા હકારાત્મક વલણ દાખવી કામગીરીને વેગ આપવાની ખાતરી આપી હતી. આ મુલાકાત દરમિયાન પુરવઠો, આરોગ્ય અને શિક્ષણ જેવી પાયાની સેવાઓ અંગે ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી સ્થિતિ જાણવાનો પ્રયાસ કરાયો હતો. આ પ્રવાસમાં પ્રાંત અધિકારી, મામલતદાર અને TDO સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



### કપડવંજમાં પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાનના ૧૦ વર્ષની ઉજવણી કરાઇ

**કપડવંજ |** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુરક્ષિત માતૃત્વ અભિયાનના સફળ એક દાયકા નિમિત્તે કપડવંજના તોરણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સગર્ભા માતાઓ માટે વિશેષ તપાસ કેમ્પ યોજાયો હતો. નિષ્ણાત ગાયનેકોલોજિસ્ટ ડો. ભાવિક પટેલ દ્વારા કુલ ૬૩ જેટલી જોખમી અને અતિજોખમી સગર્ભા માતાઓની ઝીણવટભરી તપાસ કરી સ્થળ પર જ જરૂરી સારવાર આપવામાં આવી હતી. તાલુકા હેલ્થ ઓફિસર ડો. અંકુર પટેલ અને મેડિકલ ઓફિસર ડો. દર્શના વાઘેલાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કેમ્પમાં તમામ માતાઓને પોષણ કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.



### નડિયાદના મંજીપુરામાં 'ખેત બચાવો અભિયાન' હેઠળ પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂત તાલીમ યોજાઈ

**નડિયાદ |** નડિયાદના મંજીપુરામાં ખેડૂતોને જીવામૃત, ઘન જીવામૃત અને ગૌ આધારિત ખેતી દ્વારા જમીનની ફળદ્રુપતા જાળવવા તેમજ ઉત્પાદન ખર્ચ ઘટાડવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમમાં ૩૨ ખેડૂતોએ ભાગ લીધો હતો, જ્યાં રાસાયણિક ખાતરોના સમતોલ ઉપયોગ અને જમીન-પર્યાવરણના સંરક્ષણ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગ્રામ સેવક હરેશભાઈ મકવાણા અને તાલુકા પ્રોજેક્ટ મેનેજર પાર્થ પટેલ સહિતના મહાનુભાવોએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા અપીલ કરી હતી. પ્રશ્નોત્તરી સત્ર દ્વારા ખેડૂતોની મુંઝવણો દૂર કરી માનવ આરોગ્યના હિતમાં પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



### ખેડા જિલ્લા ન્યાયાલય ખાતે 'વિશ્વ પર્યાવરણ દિન'ની વૃક્ષારોપણ સાથે ઉજવણી



**નડિયાદ |** જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ખેડા-નડીઆદ દ્વારા ૫ જૂન 'વિશ્વ પર્યાવરણ દિન' નિમિત્તે નવી ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડિંગ ખાતે વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ પરવીન કુમારના માર્ગદર્શન હેઠળ કોર્ટ સંકુલના પટાંગણમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણીનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ, સેક્રેટરી, ડી.જી.પી. અને નડિયાદ બાર એસોસિએશનના પ્રમુખ સહિતના ન્યાયિક અધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### સામોજ ગામના જયેશ પઢિયારે પીએચ.ડી.ની પદવી મેળવી ગામનું ગૌરવ વધાર્યું

**આણંદ |** જંબુસર તાલુકાના સામોજ ગામના વતની જયેશ પઢિયારે શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા દ્વારા પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. તેમણે ડો. ચંદ્રકાન્ત સંગાડાના માર્ગદર્શન હેઠળ ભરૂચ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં 'પ્રજ્ઞા અભિગમ' વિષય પર પોતાનું સંશોધન પૂર્ણ કર્યું હતું. સામોજ ગામમાંથી પીએચ.ડી.ની પદવી મેળવનાર તેઓ પ્રથમ વ્યક્તિ બનીને સમગ્ર પઢિયાર સમાજ અને ગામનું નામ રોશન કર્યું છે. આ વિશેષ સિદ્ધિ બદલ પઢિયાર પરિવાર અને સમગ્ર ગ્રામજનોએ તેમને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવ્યા છે.



### સરદાર પટેલ યુનિવર્સિટીના MSW-HR પરિણામમાં જે.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટના 16 વિદ્યાર્થીનો દબદબો

**આણંદ |** જે.એમ.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ વર્કના એમએસડબલ્યુ-એચઆર (સેમ-2)ના 16 વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની ટોપ-10 યાદીમાં ગૌરવપૂર્ણ સ્થાન મેળવ્યું છે. આ પરિણામમાં બિપાશા રાણાએ 8.78 GPA સાથે યુનિવર્સિટીમાં ચોથું અને કોલેજમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. યાદીમાં અન્ય વિદ્યાર્થીઓએ 6ઠ્ઠા થી 10માં ક્રમ સુધી વિવિધ હોદ્દાઓ મેળવી શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. આ નોંધપાત્ર સફળતા બદલ પ્રમુખ બિપીનચંદ્ર પટેલ, સીઈઓ ડો. પાર્થ પટેલ અને આચાર્યા ડો. જ્યોતિબેન પટેલે વિદ્યાર્થીઓ તથા સ્ટાફગણને અભિનંદન પાઠવ્યા છે.



### નડિયાદમાં ગોકુલનાથજી મંદિરના ઉપક્રમે ૧૪મીએ મેડિકલ કેમ્પ અને રક્તદાન શિબિર યોજાશે

**નડિયાદ |** પવિત્ર અધિક પુરુષોત્તમ માસ નિમિત્તે ગોકુલનાથજી મંદિર દ્વારા આગામી ૧૪મી જૂન ૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન એક નિ:શુલ્ક મેડિકલ કેમ્પ અને રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ નડિયાદના રબારી વાડ પાસે આવેલ લખાવાડ પંચની વાડી ખાતે યોજાશે. વ્રજરત્નલાલજી મહારાજના આશીર્વાદ અને ગોકુલોત્સવજી મહોદયના માર્ગદર્શન હેઠળ બાલકૃષ્ણ પ્રભુ ગૌ-જન સેવા ટ્રસ્ટ દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં દાંત, આંખ, ફિઝિશિયન, સર્જન, ફિઝિયોથેરાપી, ઓર્થોપેડિક, નાક-કાન-ગળા, સ્કીન સ્પેશ્યાલીસ્ટ અને હોમિયોપેથીક જેવા વિવિધ રોગોના નિષ્ણાત તબીબો સેવા આપશે અને જરૂરિયાત મુજબ દવાઓ પણ આપવામાં આવશે. આ સાથે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના સૌજન્યથી રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. મંદિરના ટ્રસ્ટ અને આયોજકો દ્વારા જાહેર જનતાને આ મેડિકલ કેમ્પ અને રક્તદાન શિબિરનો બહોળી સંખ્યામાં લાભ લેવા અપીલ કરવામાં આવી છે.